**PART-B**
**Q. No. 101 to 150**

# (01) ગુજરાતી

**નીચેના પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પ આપવામાં આવ્યા છે. તેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ જણાવો.**

| | |
|---|---|
| 101 | કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે?<br>(A) વેદોની (B) કૃષ્ણની (C) દેવોની (D) પુણ્યની |
| 102 | 'દ્વિદલ' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે?<br>(A) માનવ પગરવ (B) પ્રેમનો પગરવ (C) પ્રેમના સ્તંભ (D) મોતીચારો |
| 103 | રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કોણે આપ્યું?<br>(A) રાજાએ (B) ગાંધીજી (C) બ્રાહ્મણોએ (D) લોકોએ |
| 104 | "________ સીમ બની મેહુલિયે કીધી મહેર રે, ભાઈ! મોસમ આવી મહેનતની" – ખૂટતો શબ્દ કયો છે?<br>(A) કંચનવરણી (B) રૂપાવરણી (C) સોનાવરણી (D) સૂરજવરણી |
| 105 | વાઢ કાન ને આવ્ય સાન – નો અર્થ શું થાય?<br>(A) કાન કાપો તો સાન આવે (B) અનુભવે બધું સમજાય<br>(C) સાન લાવવા કાનની જરૂર નથી (D) શાંતિથી સાંભળવું |
| 106 | 'દુર્ગમ'નુ વિરોધી શું થાય?<br>(A) સુગમ (B) સરળ (C) સજ્જન (D) સુંદર |
| 107 | ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું છે?<br>(A) સાચવીને (B) ધીરજથી (C) ગંભીરતાથી (D) સમય જોઈને |
| 108 | દૂધ, ઘઉં, ઘી, ચોખા, તાંબુ વગેરે કઈ સંજ્ઞા કહેવાય?<br>(A) સમૂહવાચક (B) જાતિવાચક (C) દ્રવ્યવાચક (D) વ્યક્તિવાચક |
| 109 | નોકરને જવાબ શીખવનાર કોણ હતું?<br>(A) અકબર (B) બિરબલ (C) બેગમ (D) ફાંસીગર |
| 110 | ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શું કહે છે?<br>(A) ખાડો (B) હવાડો (C) કુંડ (D) જળવાડો |
| 111 | કહળસંગ ગાડું જોડીને ધંધુકે શું કરવા ગયા હતા?<br>(A) હટાણું (B) ફરવા (C) ગામ જોવા (D) ગોળ લેવા |
| 112 | 'રવિશંકર મહારાજ' ગદ્યનો પ્રકાર કયો છે?<br>(A) બોધવાર્તા (B) લોકકથા (C) જીવનચરિત્ર (D) નિબંધ |
| 113 | 'આજની ઘડી રળિયામણી'–નો કાવ્ય પ્રકાર કયો છે?<br>(A) હરિગીત (B) ભજન (C) ભક્તિગીત (D) ધૂન |
| 114 | ગામમાંથી લોકોનાં હળ માગીને કોણે ખેતર વવરાવ્યું હતું?<br>(A) મહાદેવે (B) ખુશાલમાએ (C) કાકાએ (D) નારજીકાકાએ |
| 115 | ગાંધીજીએ કયા વાઈસરૉયને મળવા દિલ્હી જવાનું હતું?<br>(A) લૉર્ડ કલાઈવ (B) લૉર્ડ ડેલહાઉસી (C) લૉર્ડ મિન્ટો (D) લૉર્ડ માઉન્ટબેટન |
| 116 | 'ખેવના'નો સમાનાર્થી શું થાય?<br>(A) કાળજી (B) શ્રમ (C) પરખ (D) સૂક્ષ્મતા |
| 117 | 'રાનમાં' કાવ્યના કવિ કોણ છે?<br>(A) પ્રવિણ દરજી (B) ધ્રુવ ભટ્ટ (C) નરસિંહ મહેતા (D) ઉમાશંકર જોશી |

| | |
|---|---|
| 118 | ‘છાપરાના છેડા પરનાં નળિયાં, જેમાંથી પાણી નીચે પડે છે’ – તેને શું કહેવાય?<br>(A) છાપરું (B) મોભ (C) નેવું (D) અગાશી |
| 119 | ‘એક શેઠિયે મને જલેબી ખવડાવી’ – કોણ બોલે છે?<br>(A) ભીખુ (B) પારસી બાનુ (C) ભીખારણનું છોકરું (D) નોકર |
| 120 | ‘હાથે ચડવું’ – નો અર્થ શું થાય?<br>(A) મારવું (B) ઊંચકવું (C) પ્રાપ્ત થવું (D) હાથમાં દુઃખવું |
| 121 | જાતિવાચક સંજ્ઞા શબ્દ કયો છે?<br>(A) જરાક (B) ડોકું (C) અને (D) એકપણ નહીં |
| 122 | ‘જીવન પાથેય’ – ગદ્ય કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે?<br>(A) સ્મરણયાત્રા (B) જીવનનો આનંદ (C) જીવનલીલા (D) હિમાલયનો પ્રવાસ |
| 123 | ત્રણેક લાખ રૂપિયા પૂણે લઈ જવાના હતા–વિશેષણ શોધો.<br>(A) રૂપિયા (B) પૂણે (C) ત્રણેક લાખ (D) જવાના |
| 124 | બાનું એક સ્વજન એટલે–––<br>(A) પિતાજી (B) ફળફૂલ (C) લેખક (D) વાડો |
| 125 | વિચિત્ર જીવનાં હાથનાં લાંબા આંગળા પર શું હતું?<br>(A) ટોર્ચ (B) પુશબટન જેવી સ્વિચો (C) ડેશબોર્ડ (D) વાઈબ્રેશન |
| 126 | “ઙ, ઞ–ા, ણ, ન, મ” – વગેરે કયા ધ્વની છે?<br>(A) અલ્પપ્રાણ (B) અઘોષ (C) અક્ષર (D) અનુનાસિક |
| 127 | તણખો કયાં ન પડયો?<br>(A) ચિનગારીમાં (B) જામગરીમાં (C) સગડીમાં (D) વિપતમાં |
| 128 | ‘જુમો ભિસ્તી’ – ગદ્યના લેખક કોણ છે?<br>(A) ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી ‘ધૂમકેતુ’ (B) ઝવેરચંદ મેઘાણી<br>(C) ઉમાશંકર જોશી (D) પન્નાલાલ પટેલ |
| 129 | બાળકના ક્ષેમકુશળ માટે માતાના મુખેથી કયો શબ્દ વારંવાર સરી પડે છે?<br>(A) ખમ્મા (B) ઓવારણાં (C) અભાગી (D) સાચવજે |
| 130 | ગાંધીનગર કુલ કેટલા સેકટરમાં વહેંચાયેલુ છે?<br>(A) 25 (B) 28 (C) 30 (D) 35 |
| 131 | રાજયના કાયદા ઘડનારી સભાને શું કહેવાય?<br>(A) લોકસભા (B) સભાગૃહ (C) સંસદસભા (D) વિધાનસભા |
| 132 | ‘ધૂળિયે મારગ’ કાવ્યમાં મનુષ્યજીવન માટે કઈ બાબત મહત્વની છે?<br>(A) ધનસંપતિ (B) જમીન જાયદાદ (C) મનુષ્ય–મનુષ્ય વચ્ચેનો પ્રેમ (D) સોનું–ચાંદી |
| 133 | ‘સંસાર–સાગર તરવો વસમો છે’ – કયો અલંકાર પ્રયોજાયો છે?<br>(A) ઉપમા (B) રૂપક (C) ઉત્પ્રેક્ષા (D) શ્લેષ |
| 134 | ખેડૂત ધોરીડાને તૈયાર કરે છે, કારણકે................<br>(A) વરસાદ પડી રહ્યો છે (B) વરસાદની ઋતુ છે<br>(C) વરસાદ આવવાની તૈયારી છે (D) વરસાદ થંભી ગયો છે |
| 135 | ‘આપત્કાલ’ – શબ્દની સંધિ છોડો.<br>(A) આપદ્ + કાલ (B) આપ + તત્ + કાલ (C) આ + પત્કાલ (D) આપ + ત્કાલ |
| 136 | “હાલો, બેટાની મૈયત કાઢીએ” – વાકય કયો ભાવ રજૂ કરે છે?<br>(A) અવહેલના (B) ઉદારતા (C) સ્વસ્થતા (D) મક્કમતા |

| | |
|---|---|
| 137 | અઢી આના એટલે આજના કેટલા પૈસા થાય?<br>(A) બાર (B) પંદર (C) વીસ (D) પચીસ |
| 138 | 'તમે <u>સુદ્ધાં</u> ખોટું બોલ્યા?' – 'સુદ્ધાં' શું સૂચવે છે?<br>(A) ક્રિયાવિશેષણ (B) વિશેષણ (C) નિપાત (D) સંજ્ઞા |
| 139 | 'નિયાયસભા' – શબ્દની સાચી જોડણી લખો.<br>(A) નયાયસભા (B) ન્યાયસભા (C) ન્યાયષભા (D) ન્યાયશભા |
| 140 | સ્વાશ્રયથી શેનો ઉદય થાય છે?<br>(A) સદ્‌વૃત્તિ (B) સદ્‌વિચાર (C) સદ્‌પ્રવૃત્તિ (D) સદ્‌બુદ્ધિ |
| 141 | 'ચિતારો' કાવ્યમાં ચિતારો એટલે કોણ?<br>(A) સિતાર વગાડનાર (B) સર્જનહાર પરમાત્મા (C) માનવી (D) ચિત્રકાર |
| 142 | 'પોતાની જાતને બચાવનારો માણસ આવા ધંધામાં પડતો હશે?' – વિશેષણ કયું છે?<br>(A) પોતાની (B) આવા (C) બચાવનારો (D) ધંધામાં |
| 143 | 'શોભા અને સુશિમા' – ગદ્યનો પ્રકાર કયો છે?<br>(A) પ્રસંગલેખ (B) નિબંધ (C) પ્રવાસલેખ (D) આત્મકથાખંડ |
| 144 | 'હાઈકુ' કયા દેશનો કાવ્યપ્રકાર છે?<br>(A) ભારત (B) જાપાન (C) ચીન (D) પાકિસ્તાન |
| 145 | 'માઈકલ સાથે મૈત્રી'માં ગ્રાહકો માઈકલને શું કહેતા?<br>(A) નટખટ (B) અલ્હાબાદ એકસપ્રેસ (C) એન્ગ્રી યંગમેન (D) બીઝી યંગમેન |
| 146 | હું ઢીલો પડું પણ કદાપિ ઢીલી ન પડે – સંયોજક કયું છે?<br>(A) પણ (B) એ (C) કદાપિ (D) એકપણ નહીં |
| 147 | 'ઉમાશંકર સુન્દરમ જેવા કવિ સુહૃદો હતા' – વિધાનમાં કયા પ્રકારનો અર્થ છે?<br>(A) વિધ્યર્થ (B) નિર્દેશાર્થ (C) સંભાવનાર્થ (D) આજ્ઞાર્થ |
| 148 | 'ખતુડોશી' – ગદ્યના લેખક કોણ છે?<br>(A) પન્નાલાલ પટેલ (B) ઝીણાભાઈ (C) જયંત પાઠક (D) દિલીપ રાણપુરા |
| 149 | 'કન્યાવિદાય' પદ્યમાં 'કેસરિયાળો સાફો' શબ્દ કોને માટે વપરાયો છે?<br>(A) કન્યાના પિતા (B) વરરાજા (C) કન્યાના સસરા (D) સ્વપ્ન પતિ |
| 150 | 'સ્વર્ગ અને પૃથ્વી' ગદ્યમાં – "હે કમલાક્ષી, તારી આંખમાંથી મોતી કેમ ઝરે છે?" – આ વાકય કોણ બોલે છે?<br>(A) દેવ (B) યુવતી (C) અપ્સરા (D) ગંધર્વ |